**ક્રિ.પ.અ.નં. – ૧૨/૨૦૨૬**

**(માણસા પો.સ્ટે.ગુ.ર.નં. ૧૧૨૧૬૦૦૯૨૫૦૬૬૯/૨૦૨૫, ગુન્હો:– બી.એન.એસ. ની કલમ ૩૩૧(૩), ૩૩૧(૪), ૩૦૫(એ) મુજબ)**

**આંક–૧ ની મુદામાલ કબજો પરત મેળવવાની અરજી લગત હુકમ**

(૧) હાલની મુદ્દામાલ અરજી વંચાણે લીધી, સાથે રજુ થયેલા દસ્તાવેજી પુરાવા ધ્યાને લીધા અરજદારએ અરજીમાં જણાવેલ હકીકતો પરત્વે આ અદાલતનું ધ્યાન દોરી હાલની અરજી મંજુર કરી અરજીમાં જણાવેલ મુદ્દામાલ **(૧) વુડન ડબલ બેડ નંગ– ૦૨, (૨) ડબલ બેડ ગાદલા નંગ–૨ (૩) ફ્રિજ નંગ–૦૧, (૪) સોફા સેટ નંગ–૦૨, (૫) ટી.વી. નંગ–૦૧** નો છે. જે **માણસા પો.સ્ટે.ગુ.ર.નં. ૧૧૨૧ ૬૦૦૯૨૫૦૬૬૯/૨૦૨૫, બી.એન.એસ. ની કલમ ૩૩૧(૩), ૩૩૧(૪), ૩૦૫(એ) મુજબના** ગુન્હાના કામે ચોરીમાં ગયેલ જે પોલીસે પંચનામાં ની વિગતે કબ્જે કરેલ છે, જે અરજદારને પરત સોંપવા અરજ ગુજારેલ છે.

(૨) હાલની અરજી તથા તે સંબંધી અરજદારે આંક – ૦૬ થી દસ્તાવેજી પુરાવાનુ લીસ્ટ રજુ કરેલ છે, જે વંચાણે લેતાં અરજદારે નિશાની – ૦૬/૦૧ થી સદર ચોરી ના બનાવ વાળી જગ્યાની માલીકીની ખરાઈ માટે વેચાણ દસ્તાવેજની ઈન્ડેકસની નોટરી રૂબરૂની પ્રમાણીત નકલ આ કામે રજુ કરેલ છે. તેવી જ રીતે નિશાની – ૦૬/૦૨ થી સદર પર્લ

વિલા સ્કિમમાં વિલા નંબર ૪૫ ના પઝેશન સમયે સદર મુદામાલ તથા અન્ય ઘરવખરીનો સામાન પણ આપેલ હોવા બાબતનો પઝેશન લેટર ની નોટરી રૂબરૂની પ્રમાણીત  નકલ . તેવી જ રીતે નિશાની ૦૬/૦૩ થી લાઈટબીલ ભર્યા અંગેની પાવતીની નોટરી રૂબરૂની પ્રમાણીત  નકલ અને નિશાની ૦૬/૦૪ થી લાઈટબીલ ની નોટરી રૂબરૂની પ્રમાણીત  નકલ  તથા નિશાની ૩/૫ થી એફ.આઈ.આરની નકલ  તથા આરોપીનું આંક–૦૪ થી નો  કલેઈમ પુરસીસ રજુ કરેલ છે. આંક–૦૧ નીચે હુકમ કરી પોલીસ અભિપ્રાય મંગાવવામાં આવેલ. જે અભિપ્રાય તથા મુદામાલ પાવતી ની જેરોક્ષ આ કામે આંક–૦૫ થી રજુ છે જેમાં તપાસ કરનાર અમલદારે સદર મુદામાલ અરજદારને  સોંપવામાં આવે તો કોઈ વાંધો ન હોવાનું જણાવેલ છે.

(૩) હાલની અરજી તથા તે સંબંધી દસ્તાવેજો ધ્યાને લીધા. અરજદારની હાલની અરજી વંચાણે લેતા તથા સાથે રજુ રાખેલ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા જણાય આવે છે કે સદર મુદામાલ તેઓના વિલામાંથી ચોરી થયેલો. સદર બનાવ બાબતે અરજદારે ફરીયાદ આપેલ છે. હાલની અરજીમાં જણાવેલ મુદામાલ અરજદારે રજુ કરેલા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા પ્રથમર્દષ્ટિએ તેઓએ જે સમયે સદર વિલા વેચાણથી રાખેલ ત્યારે વિલાના પઝેશન લેતા સમયેજ મળેલ હોવાનું ફલીત થાય છે. આથી હાલની અરજીમાં જણાવેલ મુદામાલ  અરજદાર ની માલીકીનો ન હોવાનો માનવાને કોઈ કારણ નથી.

(૪) આમ, ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં  **(૧) વુડન ડબલ બેડ નંગ–**

**૦૨, (૨) ડબલ બેડ ગાદલા નંગ–૨ (૩) ફ્રિજ નંગ–૦૧, (૪) સોફા સેટ નંગ–૦૨, (૫) ટી.વી. નંગ–૦૧** નો છે. જે **<u>માણસા પો.સ્ટે.ગુ.ર.નં. ૧૧૨૧૬૦૦૯૨૫૦૬૬૯/૨૦૨૫, બી.એન.એસ. ની કલમ ૩૩૧(૩), ૩૩૧(૪), ૩૦૫(એ) મુજબના</u>** ગુન્હામાં ચોરાયેલ તે પોલીસે કબ્જે કરેલ છે.સદર મુદામાલ અરજદારનો હોવાનું પ્રાથમીક ર્દષ્ટિએ ફલીત થાય છે. વધુમાં પોલીસ અભિપ્રાયમાં પણ અરજદારને અરજી મુજબનો મુદામાલ સોંપવામાં આવે તે બાબતે કોઈ વાંધો ન હોવાનું જણાવેલ છે. આથી અત્રેની અદાલતને સદર મુદામાલ  અરજદાર ને સોપવામાં આવે તો ન્યાયોચીત જણાય આવે છે. તેવા સંજોગોમાં આ અદાલતને બી.એન.એસ.એસ. ક.૪૯૮ અન્વયે આપવામાં આવેલ સત્તા અરજદારની તરફેણમાં વાપરવી જોઈએ તેવું આ અદાલતને જણાઈ આવે છે. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

<u>**–:હુકમ:–**</u>

– અરજદારની અરજી આથી '' **મંજુર** '' કરવામાં આવે છે.

– **<u>માણસા પો.સ્ટે.ગુ.ર.નં. ૧૧૨૧૬૦૦૯૨૫૦૬૬૯/૨૦૨૫, બી.એન.એસ. ની કલમ ૩૩૧(૩), ૩૩૧(૪), ૩૦૫(એ) મુજબના</u>** ગુનામાં  ચોરી થયેલ અને જે આરોપી પાસેથી કબ્જે કરેલ તે મુદામાલ **(૧) વુડન ડબલ બેડ નંગ– ૦૨, (૨) ડબલ બેડ ગાદલા નંગ–૨ (૩) ફ્રિજ નંગ–૦૧, (૪) સોફા સેટ નંગ–૦૨, (૫) ટી.વી. નંગ – ૦૧** નો  નીચેની શરતોને આધીન અરજદાર ને  પરત  સોંપવાનો હુકમ  કરવામાં આવે છે.

**<u>-:શરતો:-</u>**

(૧) અરજદારે  ઉપરોક્ત જણાવેલ મુદ્દામાલ ની દોઢી  રકમના બોન્ડ જે-તે પો.સ્ટે.માં રજુ કરવાના રહેશે.

(૨) હાલના કેસનો આખરી નિર્ણય ન આવે ત્યાં સુધી અરજદારને સદર ઉપરોક્ત  મુદ્દામાલ કોઈને પણ વેચાણ, ગીરો, બક્ષિસ વિગેરે કરવું કે કરાવવા નહી કે સદર મુદામાલ ના રંગ રુપ કે દેખાવમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરવો કે કરાવવો નહી.

(૩) અરજદારે પો.સ્ટે. માંથી મુદ્દામાલ  છોડાવતી વખતે પોતાનુ ધંધાનું તથા રહેણાંકનું કાયમી તથા હંગામી સરનામું પો.સ્ટે.માં એફીડેવીટથી જાહેર કરવું.

(૪) હાલના કેસમાં અરજદારે ઉપરોક્ત મુદ્દામાલ  કેસની ટ્રાયલ ચાલતી વખતે કોર્ટ જયાં અને ત્યાં ફરમાવે તે રીતે રજુ કરવા પડશે.

હુકમ આજ રોજ તારીખ ૧૬મી માહે, એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં  વાંચી સંભળાવીને જાહેર કર્યો.

**તા.૧૬/૦૪/૨૦૨૬**
**સ્થળ: માણસા**

(કુ.દામિની દીક્ષિત)
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
માણાસા
જી.જે.૦૧૬૯૮